# ખેડબ્રહ્મા શહેરમાં બે વખતથી સેવા સેતુ કાર્યક્રમ રદ થતાં પ્રજા અવઢવમાં

ખેડબ્રહ્મા, તા. ૧૨

ખેડબ્રહ્મા શહેરમાં સત્તાધારી પક્ષ દ્વારા પ્રજાને સ્થળ પર તમામ જાતના દાખલા એક જગ્યાએ મળી જાય તે હેતુથી સેવા સેતુનો કાર્યક્રમ યોજવા માટે જગ્યા જગ્યાએ આયોજન કરવામાં આવી રહ્યું છે.

તેજ રીતે તારીખ ૭/૯/૨૦૧૮ના રોજ સેવા સેતુનો કાર્યક્રમ નગરપાલિકાના સ્વામી વિવેકાનંદ હોલ ખાતે યોજવાનું આયોજન કરવામાં આવ્યું તે છેલ્લી ઘડીએ રદ કરી નાખવામાં આવ્યું હતું. જેમની કોઈ પણ જાતની જાહેરાત કરવામાં આવી ન હતી. ત્યાર બાદ ફરી તારીખ ૧૨/૯/૨૦૧૮ના રોજ ફરી જાહેરાત કરવામાં આવી હતી તેને લઈને આજ રોજ સેવા સેતુનો કાર્યક્રમનો લાભાર્થીઓને લાભ લેવા આવ્યા. પણ આજે પણ સેવા સેતુનો કાર્યક્રમ નગરપાલિક દ્વારા રદ કરવામાં આવ્યો છે તેવું ધ્યાન પર આવતાં લાભાર્થીઓને વિલા મોંએ પાછાં ફરવું પડ્યુ હતુ.

આ અંગે ચીફ ઓફિસરને પુછતાં તેમણે જણાવ્યું હતું કે ઉપરી અધિકારીઓને મેળાના આયોજનમા હોઈને તારીખ બદલવામાં આવી છે. જે નવીન તારીખ ૨૯/૯/૨૦૧૮ના રોજ આજ સ્થળે રાખવામાં આવ્યો છે.

# લાખોની મેદનીના જય ઘોષ સાથે રામદેવપીરના રણુંજાના મહામેળાનો પ્રારંભ

### આગામી નોમે જુદા જુદા ૨૦૦૦થી વધુ પગપાળા સંઘો દ્વારા સમાધિ મંદિરે નોમના નેજા ચઢાવાશે

મોડાસા, તા.૧૨

દ્વારિકાધીશ ભગવાન શ્રીકૃષ્ણના કળિયુગી અવતાર બાબા રામદેવજીની આજે અવતરણ તિથિ ભાદરવી બીજથી આજે બ્રહ્મ મુહૂર્તમાં બાબાની મહાઆરતી સાથે ૬૩૪માં મેળાનો જય બાબારીના નાદ સાથે પ્રારંભ થયો હતો.

સેંકડો કિલો મીટર દૂર દૂરથી



રણુજાના મહામેળાનો પ્રારંભ થયો હતો. ગુજરાત સહિત દેશભરમાંથી જુદા જુદા રાજ્યોના રામદેવ ભક્તો આજથી શરૂ થતાં મેળામાં લાખોની મેદની ઉમટી પડયા હતા.

રણુજા મંદિર પરિસર આગળ લાંબી એક એક કિલોમીટરની કતારો જામી છે. હાથમાં નેજા સાથે આવેલા ભક્તોના જય નાદથી રામદેવરાનું અંતરિક્ષ ગુંજી ઉઠ્યું હતું.

શાંતિ અને કાયદો વ્યવસ્થાની જાળવણી માટે જેસલમેર જિલ્લા પોલીસ વિભાગ દ્વારા પૂરતો બંદોબસ્ત ચારે કોર કરી દેવાયો છે. પ્રશાસનીક વ્યવસ્થા બહેતર છે. અહીં પીવાનું પાણી, આરોગ્ય સેવાઓ, વીજળી વ્યવસ્થા સહિતની સેવાઓ વહીવટી તંત્ર દ્વારા ઉપલબ્ધ કરાઈ છે. તેમ વંશજ ચતુરસિંહે રણુજાથી જણાવ્યું હતું.

આગામી પૂનમ સુધી ચાલનારા મેળામાં દેશભરમાંથી ૮૦ લાખથી વધુ યાત્રાળુઓ ભાગ લેવાની વકી છે. ભાદરવાનો આ મહા મેળો સૌથી મોટો મેળો અને એનું મોટું મહાત્મ્ય છે. આગામી નોમના દિવસે નિજ સમાધિ મંદિરે ૨૦૦૦થી વધુ પદયાત્રી સંઘો નોમના નેજા ચડાવશે.



**અરવલ્લી જિલ્લામાં કેવડા ત્રીજની મહિલાઓએ ભોલેનાથની પૂજા અર્ચના કરી**

કેવડા ત્રીજનું વ્રત પરણિત મહિલાઓ પતિના લાંબા આયુષ્ય માટે અને કુંવારિકાઓને સારો જીવનસાથી પ્રાપ્ત થાય તે માટે ભગવાન શિવની પૂજા અર્ચના અને ઉપવાસ કરતી હોય છે. અરવલ્લી જીલ્લામાં આવેલા શિવાલયોમાં મોટી સંખ્યામાં મહિલાઓએ કેવડા ત્રીજની ઉજવણી કરી હતી. મોડાસાના સાકરીયા ગામે આવેલા શિવ મંદિરમાં મોટી સંખ્યામાં કેવડાના પાન સાથે ભગવાન ભોલેનાથની પૂજા અર્ચના કરી આરાધના કરી હતી. રાત્રીના ૧૨ વાગ્યા સુધી ઉપવાસ અને જાગરણ કરી કેવડા ત્રીજના વ્રતની ઉજવણી કરી હતી.

# સાકરિયાના સુપ્રસિદ્ધ સુતેલા હનુમાન મંદિર બાજુમાંથી પૌરાણિક વાવ મળી આવતા ગ્રામજનો ઉમટ્યા

મોડાસા, તા. ૧૨

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના ભીડ ભજન અને સમગ્ર દેશમાં અલૌકિક સ્વયંભૂ સુતેલા હનુમાન દાદાની અને પાંડવ કાળથી હનુમાન દાદા અહીં બિરાજતા હોવાની માન્યતા ધરાવતા હનુમાન મંદિરના પટાંગણમાંથી પૌરાણિક વાવ ખોદકામ દરમિયાન મળી આવતા આ વાત વાયુવેગે પ્રસરતા મોટી સંખ્યામાં ગામલોકો અને આજુબાજુથી ભક્તો ઉમટી પડ્યા હતા.

મંદિર ટ્રસ્ટ દ્વારા પુરાતત્વ વિભાગને જાણ કરવામાં આવી હતી. સુપ્રસિદ્ધ સાકરીયા હનુમાન મંદિરની બાજુમાં શ્રદ્ધાળુઓને બેસવા માટે નિર્માણધીન ઓટલાની બાજુમાં ચાલુ વર્ષે વરસાદ પડતા મોટો ભુવો પડેલ હતો. મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા ભુવાના સમારકામ દરમિયાન જેસીબી મશીનથી



ખોદકામ કરતા ખાડો મોટો થતા જેસીબી મશીનથી ખોદકામ અટકાવી દેવામાં આવ્યું હતું. જેથી પૌરાણિક વાવના બાંધકામમાં નુકશાન ન થાય અને મહારાજ અને ઉપસ્થિત લોકો દ્વારા હાથથી ખોદતાં અને ખાડામાં અંદર કઠણ ભાગ જણાતા મંદિરના મહારાજે અને ઉપસ્થિત લોકોએ ખાડામાં ઉતરી જોતા પૌરાણિક વાવ મળી આવતા પૌરાણિક વાવનું અસ્તિત્વ જણાતા પુરાતત્વ વિભાગને જાણ કરવામાં આવી હતી. હનુમાન મંદિરની બાજુમાંથી પૌરાણિક વાવ મળી આવી હોવાની જાણ ગામલોકો અને ભક્તજનોને થતા મોટી સંખ્યમાં મંદિર પરિસરમાં ઉમટી પડ્યા હતા. ગામલોકોના જણાવ્યા અનુસાર સાકરીયા ગામે પૌરાણિક વાવ હોવાની વાતો દાદા-પર દાદાઓ પાસેથી સાંભળી હોવાનું ચર્ચા જામી હતી અને પુરાતત્વ વિભાગ દ્વારા પૌરાણિક વાવનો યોગ્ય વિકાસ કરવામાં આવેની માંગ પ્રબળ બની હતી.





**રાષ્ટ્રીય પક્ષી મોર પણ વિમાસણમાં...**

ઈશ્વરે અન્ય પક્ષીઓની સરખામણીમાં મોરને અલગજ પ્રકારની આકર્ષક શરીર રચના અને કર્ણપ્રિય ટહુકો આપીને અલગ ઓળખ ઉભી કરી છે. પ્રાચીનકાળથી જ હિન્દુ ધર્મમાં મોરનુ અનેરૂ મહત્વ રહેલું છે અને રાષ્ટ્રીય પક્ષી તરીકે બહુમાન મળેલું છે આકાશ પર ઘનઘોળ વાદળો છવાય અને વર્ષાના છાંટાણાનું આગમન થવાનું હોય ત્યારે આ રાજવી પક્ષી પોતાના વિશાલ પીંછા ફેલાવીને કળાની મુદ્રામાં હવાના સુસવાટા ભર્યા લય માં, તા થૈના તાલ સાથે પગલાંને થડકારા દેતા મસ્તી ભર્યું નૃત્ય કરવા લાગે છે પરંતુ આ વખતે એવો મોકો મોર પક્ષીને બહુ મળ્યો નથી. ત્યારે મોડાસા જૂની આરટીઓ કચેરી નજીકના કબ્રસ્તાનના ઝાડી-ઝાંખરા રૂપી જંગલમાં વસવાટ કરતો મોર કબ્રસ્તાનની દીવાલ પર "એ દિલ માંગે મોર" કહેતો હોય તેમ સ્તબ્ધ થઈને ભગવાનના જવાબની રાહ જોઈ રહ્યો છે અને મેઘરાજાના વરસાદરૂપી અવાજના તાલ સાથે થનગનાટ કરવા અને ઢેલને રીઝવવા આતુરતા સાથે વિમાસણ અનુભવી રહ્યો છે.

## અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા રાફેલ સોદામાં ભ્રષ્ટાચાર મુદ્દે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર

મોડાસા, તા. ૧૨

કોંગ્રેસ પક્ષ દ્વારા કેન્દ્ર સરકારને મોંઘવારી અને રાફેલ યુદ્ધ જહાજ (વિમાન) સોદામાં ભ્રષ્ટાચાર આદરવામાં આવ્યો હોવાના આક્ષેપ સાથે ધરણા કાર્યક્રમ અને વિરોધ પ્રદર્શન સમગ્ર દેશમાં ઠેર ઠેર યોજાઈ રહ્યા છે. મંગળવારે અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા રાફેલ સોદામાં ભ્રષ્ટાચાર આદરી મસમોટું કૌભાંડના આક્ષેપ સાથે મુખ્યમથક મોડાસા શહેરના ચાર રસ્તા ખાતે ધરણા કાર્યક્રમ માટે વહીવટીતંત્રમાંથી મંજૂરી ન મળતા ચાર રસ્તા ખાતે કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરોએ સૂત્રોચ્ચાર કરી જીલ્લા સેવાસદન ખાતે ભાજપ અને મોદી વિરુદ્ધ સુત્રોચ્ચર કરી જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી યોગ્ય તપાસની માંગ કરી હતી.

## ભિલોડા એન.આર.એ. વિદ્યાલયમાં સ્વયંશિક્ષક દિનની ઉજવણી

ભિલોડા, તા. ૧૨

આજરોજ એન.આર.એ. વિદ્યાલય, ભીલોડામાં સ્વયં શિક્ષક દિન ઉલ્લાસભેર ઉજવાયેલ. જેમાં સ્વયંસેવી ૬૦ જેટલા વિદ્યાર્થીઓએ શિક્ષક તરીકેની કામગીરી સંભાળી હતી. આચાર્ય પદે ગોસ્વામી હેલી પી. ઉપાચાર્ય તરીકે પ્રજાપતિ ક્રિષ્નાએ ફરજ બજાવી હતી. આ પ્રસંગે સંસ્થાના આચાર્ય વી.ટી. ચૌહાણ તથા શાળા સંચાલક મંડળમાંથી કમલેશભાઈ મહેતા ઉપસ્થિત રહ્યા હતા. છેલ્લે સાંસ્કૃતિક કાર્યક્રમ અને ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જીવન પર વક્તવ્ય આપી કાર્યક્રમની પૂર્ણાહુતી કરવામાં આવી હતી.

## હિંમતનગરમાંથી ચોરાયેલા સ્કૂટર સાથે એક શખ્સ ઝડપાયો

હિંમતનગર, તા. ૧૨

હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ ગ્રીનપાર્ક સોસાયટી નજીકથી સાત દિવસ અગાઉ ચોરાયેલા એક સ્કૂટરને એસ.ઓ.જી.એ. સોમવારે મોતીપુરા કેનાલ પાસેથી ઝડપી લઈ હસનનગરમાં રહેતા એખ શખ્સને પકડી લઈ વધુ તપાસ માટે એ ડીવીજન પોલીસના હવાલે કરાયો હતો. સોમવારે મોતીપુરા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો ત્યારે કેનાલ પાસેના પુલીયા નજીક રોડની સાઈડમાં એક્સેસ સ્કૂટર નં. જીજે.૦૯.સ ીટી.૦૨૫૭ સાથે એક શંકાસ્પદ શખ્સ હાલતમાં ઝડપાયો હતો.



**ખેડબ્રહ્મા તાલુકાના તલાટી મંડળ દ્વારા કાળી પટ્ટી બાંધી વિરોધ**

ખેડબ્રહ્મા તાલુકાના તલાટી મંડળ દ્વારા કાળી પટ્ટી બાંધી વિરોધ કરવામાં આવ્યો હતો. રાજ્ય તલાટી કમ મંત્રી મહામંડળે તલાટીઓના પડતર પશ્નોને લઈને રાજ્યભરમાં કાર્યક્રમ આપવાનું નક્કી કરેલ તેના ભાગ રુપે ખેડબ્રહ્મા તાલુકાના તલાટી મંડળ દ્વારા કાળી પટ્ટી ધારણ કરી સોમવારના રોજ સવારે અગીયાર કલાકે તાલુકા પંચાયત કચેરીએ બેસી વિવિધ પ્રકારની પડતર માંગણીઓના નિરાકરણ માટેની રજુઆત કરવામાં આવી હતી.

# પ્રાંતિજના ગળતેશ્વર ખાતે આવેલ કંપની દ્વારા મૃતકના પરિવારને એક લાખની ચેક સહાય

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ગળતેશ્વર ખાતે આવેલ અંબર્ટો સિરામીકસ ઈન્ટરનેશનલ કંપની દ્વારા કંપનીમા



કામ કરતાં કામદાર યુવકનું બિમારીને લઈને મૃત્યુ થતાં તેની માતાને સહાય પેટે એક લાખનો ચેક આપવામાં આવ્યો.

પ્રાંતિજના ગળતેશ્વર ખાતે આવેલ અંબર્ટો સિરામીક ઈન્ટરનેશનલ કંપની દ્વારા ૨૦૧૪ થી ૨૦૧૮ કંપનીમાં કામ કરતો કામદાર પ્રકાશ મોહન્તા મુળ મયુભંજ જિલ્લાના ઓડીસાના વતનીના બિમારીના કારણે મૃત્યુ થતાં તેના ભાગનો નિકળતો પગાર સહાય સહિત સરકારી ધારાધોરણ મુજબ કંપની દ્વારા મળતી બંધીજ સહાયની રકમ કંપની દ્વારા ચુકવવામાં આવી હતી. કંપની દ્વારા મૃતક યુવકની કામગીરીની કદર કરી તેના પરિવાર અને તેના પરિવારમાં તેની વુદ્ધ માતા સિવાય કોઈ ના હોય અને માતાના સહારા રૂપે કંપની દ્વારા તેની ઉંમરલાયક માતાને એક લાખનો ચેક આપવામાં આવ્યો હતો ત્યારે આજે પણ હજુ આવી કંપનીઓ પણ હયાત છે કે કંપનીમા કામ કરતા કામદારની કદર તેના જીતાજીતો થાય છે પણ તેના મૃત્યુ બાદ પણ તેના કામની કદર કરી તેની વુધ્ધ માતાને સહારા પેટે કંપની દ્વારા કંપનીમાં બોલાવી કંપનીના પ્રેસીડન્ટ ધમેન્દ્ર જાની, સી.એફ.ઓ વિનય કુંભત, ડીજીએમ એચ.આર આર.કે.દાસ, વિશ્વેશ્વર ગોસ્વામી સહિત ઉપસ્થિત રહીને એક લાખની ચેક દ્વારા રોકડ અલગથી સહાય આપવામાં આવી હતી.

## ઊંઝા એસ.ટી. ડેપો મેનેજરનો વિદાય સમારોહ

વેપારીમથક અને યાત્રાધામ ઊંઝા ખાતે એસ.ટી. ડેપો મેનેજર તરીકે ફરજ બજાવતા સંનિષ્ઠ મહિલા અધિકારી શ્રીમતિ સોનલબેન પટેલની મહેસાણા બદલી થતા ડેપોના કર્મચારીઓ તરફથી ડેપો ખાતે તેમનો વિદાય સમારંભ યોજાયો હતો. સમારંભના અધ્યક્ષ મહેસાણા એસ.ટી. વિભાગીય નિયામક વાય. કે. પટેલ, અતિથિ વિશેષ વિભાગીય પરિવહન અધિકારી વી.એસ. ચૌધરી, ઊંઝા તાલુકા વિકાસ અધિકારી ડૉ. રાજેશ પટેલ, સ્થાનિક પોલીસ ઈન્સ્પેક્ટર એ.બી. વાળંદ, સુરક્ષા અધિકારી એસ.એન. પટેલ વગેરેએ ડેપો મેનેજરની નોંધપાત્ર સેવાઓ તેમજ અધિકારીઓ, કામદારો સાથેના સુમેળભર્યા સંબંધોને બિરદાવી શુભેચ્છાઓ પાઠવી હતી. આ ઉપરાંત નવા નિમાયેલા ડેપો મેનેજર પ્રકાશભાઈ ગોસ્વામીને આવકારવામાં આવ્યા હતા. આ પ્રસંગે ડેપોના એટીઆઈ નાથુભાઈ ચૌધરી, રામજીભાઈ ચૌધરી, વર્કશોપના જલ્પેશભાઈ માન્ય યુનિયનોના પ્રતિનિધિઓ શીવરામભાઈ ચૌધરી, આમંત્રીતો ઉપસ્થિત રહ્યા હતા.

## ધનસુરા તાલુકામાં કેવડાત્રીજની ઉજવણી

ધનસુરા, તા. ૧૨

ધનસુરાના દેવીયા મહાદેવ મંદિરે લોકોએ કેવડાત્રીજના દિવસે ભગવાનની પૂજા અર્ચના કરી હતી. ધનસુરા તાલુકાના શિવાલયોમાં પણ કેવડાત્રીજની ઉજવણી કરાઈ હતી. સ્ત્રીઓના તહેવારોમાં કેવડાત્રીજનું વ્રત મુખ્ય છે. લોકોએ કેવડાના પાન અને બિલીપત્રો ચડાવી ભગવાનની પૂજા અર્ચના કરી હતી.

આ દિવસે સ્ત્રીઓ ભગવાનને પોતાના પતિના લાંબા આયુષ્ય માટે પ્રાર્થના કરે છે. સ્ત્રીઓએ પણ કેવડાના પાન અને બિલીપત્રો ચડાવી ભગવાનની પૂજા અર્ચના કરી હતી. કુવારી છોકરીઓ પણ ભગવાન પાસે ભાવી પતિ સુંદર મળે એ માટે પણ પૂજા અર્ચના કરે છે. કહેવાય છે કે પાર્વતીજીએ ભગવાન મહાદેવને પોતાના પતિ તરીકે પામવા માટે આ દિવસે વ્રત વિધિ વિધાન, ઉપવાસ કરીને મહાદેવ ભગવાનની પૂજા કરી હતી. આ વ્રતના પ્રતાપે જ તેમને ભગવાન ભોળાનાથ જેવા સ્વામી મળ્યા હતા.

કેવડાત્રીજને હરતાલિકા વ્રત તરીકે પણ ઓળખવામાં આવે છે. પાર્વતીજીની સખી હરિતના નામ પરથી આ વ્રતનું નામાભિધાન થયું છે.



**અરવલ્લી વીએચપી દ્વારા લુસડિયા ગ્રામ પંચાયતમાં ગૌચરનું દબાણ દૂર કરવા કલેક્ટરને આવેદનપત્ર**

શામળાજી નજીક આવેલું લુસડિયા ગામ હંમેશા અનેક મુદ્દે વિવાદમાં ઘેરાયેલું રહેલું છે. હિન્દુ સમાજ અને ખ્રિસ્તી સમાજ વચ્ચે પોલીસ ફરિયાદ પણ અગાઉ નોંધાઈ ચુકી છે ત્યારે અરવલ્લી જીલ્લા વિશ્વ હિન્દુ પરિસદ દ્વારા બુધવારે જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી લુસડિયા ગ્રામ પંચાયતના સર્વે નંબર ૨૭૪નું કુલ ક્ષેત્રફળ ૪-૧૪-૫૮ હેક્ટર (અગિયાર એકર)થી વધુ જમીનનો દબાણ (કબ્જો) દૂર કરવાની માંગ કરી હતી. ૧૫ દિવસમાં દબાણ દૂર કરવા આદેશ નહિ થાય તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની સાથે કાયદો હાથમાં ન લેવા ઈચ્છતા હોવા છતાં ગામ લોકો ભેગા મળી દબાણ દૂર કરીશું. દબાણ દૂર કરવા દરમિયાન કોઈ અજુગતું બનતા જવાબદારી લાગતા વળગતાની રહેશેની ચીમકી ઉચ્ચારી હતી.